ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૪૫ ટકા

# પાટનગરના રેલ્વે સ્ટેશનમાં પોલીસ સ્ટેશન માટે જગ્યા નથી

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરનું કેપીટલ રેલ્વે સ્ટેશન અત્યંત આધુનિક બનવા જઈ રહ્યું છે. જગ વિખ્યાત મહાત્મા મંદિર અને રૂ.૨૫૦ કરોડના ખર્ચે આધુનિક સવલતોથી સજ્જ હોટલ નિર્માણ પામી રહી છે. ત્યારે પાટનગર અને રેલ્વે સ્ટેશનની સલામતી અતિ મહત્વની બની જવા પામે છે. ત્યારે પાટનગરના રેલ્વે સ્ટેશન પર પોલીસ કર્મચારીઓને બેસવા તેમજ વિવિધ રેકર્ડ રાખવા માટે પોતાનુ મકાન જ નથી માત્ર સામાન્ય ઓરડીમાં પાટનગરનું પોલીસ સ્ટેશન ચાલે છે જે શરમજનક કહી શકાય તેવી સ્થિતિમાં છે. કાયદો અને વ્યવસ્થા જાળવનારને જ જગ્યા ન મળતા નગરજનો પણ અચરજ પામ્યા છે. ત્યારે ગાંધીનગર શહેર વસાહત મહા મંડળ દ્વારા પણ અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો તંત્ર પાસે કરવામાં આવી છે.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ જણાવે છે કે મહામંડળ દ્વારા આજે રેલ્વે અંગેના પ્રશ્નોને લઈને રાજયના રેલ્વે વિભાગના ડી.જી.પી. સમક્ષ રૂબરૂ મુલાકાત કરી પાટનગરમાં જ આવી પરિસ્થિતિ છે તે અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ અંગે ઉચ્ચકક્ષાએ પરામર્શ કરી આ પોલીસ સ્ટેશનની સમસ્યા નિવારવા પત્ર દ્વારા લેખિત સ્વરૂપમાં જાણ કરી યુધ્ધના ધોરણે કેપીટલ રેલ્વે પોલીસ ચોકી માટે જગ્યા ફાળવવા અમદાવાદ ડીવીઝન મેનેજરને પત્ર લખી માંગ કરી છે. અત્યારે હાલના સમયે રેલ્વે સ્ટેશન વિસ્તારમાં જ અલગ મકાન તૈયાર થઈ રહ્યું છે. તેમા પણ જગ્યા હશે છતા પણ પોલીસ તંત્ર માટે જગ્યા ફાળવવામાં આવતી નથી. પોલીસ સ્ટેશન અને રહેણાંક મકાન માટે પણ રજુઆત કરાઈ છે. પાટનગરમાં આવતી ટ્રેનમાં રાત્રી સમય દરમિયાન મુસાફરોના જાનમાલના રક્ષણ માટે વધુ ગંભીર થઈ પોલીસ સ્ટેશનનો પ્રશ્ન ઉકેલવા માટે ગાંધીનગર શહેર વસાહત મહામંડળના અરૂણભાઈ બુચ અને મયુર વ્યાસે રેલ્વેના ડીજીપી તથા ડીવીઝનલ મેનેજરને લેખિત જાણ કરી છે અને આ અંગે યોગ્ય કરવા જણાવાયું છે.



જળ સંપત્તિ વિકાસના સંનિષ્ઠ કર્મચારી લલિતભાઈ પટેલ નિવૃત્ત થતા યોજાયેલ શુભેચ્છા સમારોહમાં લલિતભાઈની કામગીરીની બિરદાવાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે લલિતભાઈ જય અંબે પરિવારનું નેતૃત્વ કરી રહ્યા છે.

**ચુંટણીની તારીખો જાહેર થઈ ત્યારથી ખોરજનું ગોડાઉન ભાડે લેવાયું હતું...!**

# સવા બે કરોડનો દારૂ સંતાડયો હતો તે ગોડાઉન ભાડે રાખનાર ઝડપાયો

**વોટર સાઈડ હોટલ પાસેથી રાત્રે ઝડપાઈ ગયલો રોહિત યાદવ તો 'પ્યાદુ' છે, 'આકા'ઓના નામ ખોલવા ૧૦ દિવસના રિમાન્ડ મંજુર : મોટા માથાઓના નામ ખુલે તેવી શકયતા**

ગાંધીનગર, તા.૩૦

અડાલજ પોલિસે તાજેતરમાં ખોરજ પાસે ભંગારના ગોડાઉનમાં દરોડો પાડી સવા બે કરોડનો દારૂ તથા વાહનો મળી રૂ. ૨.૪૫ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી લીધો હતો. અડાલજ પોલિસ અને એલસીબી-એસઓજીની ટીમે ગઈ રાત્રે બાતમીને આધારે સંયુકત ઓપરેશન કરીને એસ.જી. હાઈવે પરની વોટર સાઈડ હોટલ પરથી આ ગોડાઉન જેના નામે ભાડે લેવાયું હતું તે શખ્સને પકડી પાડયો છે. પકડાયેલો રોહીત યાદવ તો પ્યાદુ હાથમાં આવ્યું છે. તેના આકાઓ સુધી પહોંચવા પોલિસે કોર્ટમાં રજુ કરી રીમાન્ડની માંગણી કરતા કોર્ટે તેની પુછપરછ માટે ૧૦ દિવસના રિમાન્ડ મંજુર કરતા પોલિસની ત્રણેય ટીમોએ ઈન્ટ્રોગેશન શરુ કરી દીધું છે.

અડાલજ પી.આઈ. જે.જી.વાઘેલા અને એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમે સંયુકત ઓપરેશન કરીને એસ.જી. હાઈવે પરની વોટર સાઈડ હોટલ નજીકથી ખોરજ પાસે ગોડાઉનમાંથી પકડાયેલા સવા બે કરોડના દારૂના કેસમાં એક આરોપી રોહીત રામદરસ યાદવને દબોચી લીધો હતો. રોહીત યાદવના નામે આ ભંગારના ગોડાઉનનો ભાડા કરાર થયેલો હતો. મળતી માહિતી મુજબ આ રોહીત અગાઉ મોટા બુટલેગર વિનોદ સિન્ધી સાથે કામ કરતો હતો. એટલે દારૂની હેરાફેરી અને કટીંગના કામોથી સંપુર્ણ વાકેફ છે. રોહીત તો પ્યાદુ છે. પરંતુ આકાઓમાં મોટા માથાઓના નામ બહાર આવી શકે તેમ છે. જો કે તપાસમાં સહકાર ન આપી રહેલા રોહીતની ઉંડી પુછપરછ માટે કોર્ટમાં રજુ કરતા કોર્ટે ૧૦ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ પંજાબ કનેકશન પણ આ કેસમાં બહાર આવી શકે છે અને આ ગોડાઉન ચુંટણીની તારીખો જાહેર થઈ તે જ મહિનામાં ભાડે રાખવામાં આવ્યું હોવાનું બહાર આવ્યું છે.

## દોઢ મહિનાથી બંધ સે-૧ ૩ના મકાનમાં ઘરફોડ ચોરી

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરના સેકટર-૧૩ ખાતે રહેતા નિવૃત્ત વૃદ્ધા દોઢ મહિનાથી વડોદરા તેમના ભાઈના ઘરે ગયા હતા. તેમના બંધ મકાનને ટાર્ગેટ બનાવીને તસ્કરોએ મકાનના દરવાજાના તાળા તોડી અંદરથી રૂ. ૧.૪૭ લાખના રોકડ તથા સોનાના દાગીનાની ઉઠાંતરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. આ મામલે મકાન માલિક નિવૃત વૃદ્ધાએ સે-૭ પોલિસ મથકમાં ફરિયાદ આપતા પોલિસે ગુનો દાખલ કરીને ઉંડી તપાસ શરુ કરી છે.

શહેરના સેકટર-૧૩-સી પ્લોટ નં. ૧૦૨૮/૧ ખાતે રહેતા નિવૃત્ત વૃદ્ધા કોકીલાબેન માર્કન્ડપ્રસાદ મોદી ૧૬ ઓગષ્ટે વડોદરા ખાતે રહેતા તેમના ભાઈને ત્યાં ગયા હતા. દિવાળીના તહેવારો મનાવ્યા બાદ ત્યાં દોઢેક મહિનાથી રહેતા કોકીલાબેનને આજે સે-૧૩માંથી પડોશીનો ફોન આવ્યો કે તેમના મકાનનું તાળુ તુટેલું છે ઘર આવીને તપાસ કરી તો મકાનમાં સામાન વેરવિખેર પડેલો હતો અને તિજોરીઓ તુટેલી હતી. રૂ. ૧૦ હજાર રોકડ તથા સોનાના દાગીના મળીને કુલ રૂ. ૧,૪૭,૫૦૦નો મુદ્દામાલ ગાયબ હતો. તસ્કરોએ કરેલા હાથફેરા અંગે કોકીલાબેને સે-૭ પોલિસ મથકમાં ફરિયાદ આપતા પીએસઆઈ એસ.ડી. ચૌધરીએ ગુનો દાખલ કરી એફએસએલની ફિંગરપ્રિન્ટ નિષ્ણાંતની ટીમ બોલાવી વૈજ્ઞાનિક ઢબે તપાસ શરુ કરી છે.

## વાતવાતમાં

● અડાલજમાં ગાંધીનગર દક્ષિણ વિધાનસભા બેઠકના કોંગ્રેસી ઉમેદવાર ગોવિંદસિંહ સોલંકીના ચુંટણી કાર્યાલયનું ઉદઘાટન કરવાનું આયોજન કરાયું હતું. જો કે ઉમેદવાર ગાંધીનગર ખાતે અગત્યની બેઠકોમાં વ્યસ્ત હોવાથી આ ઉદઘાટન હાલ પુરતું મુલ્તવી રાખી હવે ટૂંક સમયમાં નવી તારીખ જાહેર કરવાનું નક્કી કરાયું છે.

● ગાંધીનગરના પાટનગર યોજના વિભાગના પાણી અને ગટર વિભાગના કાર્યપાલક ઈજનેર મહેન્દ્ર ઠકકર ગુરુવારે નિવૃત થયા હતા. પાયોવિના સહકર્મચારીઓ દ્વારા તેમને નિવૃત્તિ જીવન માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

● શુક્રવારે વિશ્વ એઈડસ જાગૃતિ દિન નિમિત્તે ગાંધીનગરની સે-૧૫ની સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે હેપ્પી યુથ કલબના સહયોગથી એઈડસ જાગૃતિ સેમિનારનું આયોજન કરાયું છે. આ સેમિનારમાં તજજ્ઞો દ્વારા યુવા વિદ્યાર્થીઓને એચઆઈવી-એઈડસ અંગે માર્ગદર્શન પુરું પાડવામાં આવશે.

## શહેરની સરકારી પ્રાથમિક શાળામાં સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ યોજાઈ

ગાંધીનગર, તા.૩૦

સરકારી પ્રાથમિક શાળા સેકટર-૮ ખાતે તા. ૨૫-૧૧-૨૦૧૭ને શનિવારના રોજ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી. જેમાં ધોરણ-૧ થી ૮ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. બાળકોની અવલોકનશકિત, નિર્ણય શકિત, મેમરીપાવરને લગતી વન મિનીટસની રમતો રમાડવામાં આવી હતી. દાતાશ્રી દ્વારા દરેક ધોરણના પ્રથમ ત્રણ ક્રમાંક મેળવનારને ઈનામ આપવામાં આવ્યા હતા. તથા ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને બિસ્કીટ પણ આપવામાં આવ્યા હતા જેમાં બાળકોને ખૂબ મજા પડી હતી.



આજનો યુગ પરીક્ષાનો યુગ છે અને વિદ્યાર્થીઓને અભ્યાસ, કારકિર્દી તથા તેમાં વધુ આગળ વધવા ડગલે ને પગલે વિવિધ પરીક્ષાઓ આપવી પડે છે. આ સ્થિતિને ધ્યાને રાખીને કોલવડાની કે.કે. પટેલ વિદ્યાલય ખાતે લાયન્સ કલબ દ્વારા 'ઉત્તમ પરીક્ષાર્થી બનો' વિષયે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટિવેશનલ વકતા મહર્ષિ રાવલે અંદાજે ૪૦૦ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં આચાર્યા ભાવનાબા વાઘેલા સહિત સંસ્થાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# ફાર્મસી કોલેજના વિદ્યાર્થીઓએ માણેકપુર ગામે આરોગ્ય લક્ષી કાર્યક્રમો યોજયા

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના સેકટર-૨૩ની કે.બી. ઈન્સ્ટિટયુટ ઓફ ફાર્મસીના આઈસ્પોર સ્ટુડન્ટ ચેપ્ટર દ્વારા નેશનલ ફાર્મસી વીકની ઉજવણી અંતર્ગત માણેકપુર ગામે વિવિધ આરોગ્યલક્ષી કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ કાર્યક્રમોમાં ગામના ૩૭૫ વિદ્યાર્થીઓ ઉપરાંત મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા.

નેશનલ ફાર્મસી કાઉન્સિલ દ્વારા તા. ૨૧થી ૨૬ ડીસેમ્બર દરમિયાન 'તમારી દવાને ઓળખો, તમારા ફાર્માસિસ્ટને ઓળખો' થીમ હેઠળ નેશનલ ફાર્મસી વીક ઉજવવામાં આવી રહ્યું છે. આ અંતર્ગત સે-૨૩ની કે.બી. ફાર્મસી



કોલેજના આઈસ્પોર સ્ટુડન્ટ ચેપ્ટર દ્વારા ગાંધીનગર જિલ્લાના માણેકપુર ગામ ખાતે યોજવામાં આવેલ આરોગ્યલક્ષી કાર્યક્રમમાં ગામના સરપંચ જગતસિંહ ચાવડા, તાલુકા પ્રમુખ જગતસિંહ તથા ગામની શાળાના આચાર્ય, ફાર્મસી કોલેજના આચાર્ય સહિત વિદ્યાર્થીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે નેશનલ ફાર્મસી વીકની ઉજવણી અંતર્ગત આઈસ્પોર સ્ટુડન્ટ ચેપ્ટર દ્વારા કોલેજ ખાતે ફાર્માસિસ્ટ રિફ્રેશર કોર્સ પણ યોજવામાં આવ્યો હતો. જેમાં ૨૦૦થી વધુ ફાર્માસિસ્ટોના બ્લડપ્રેશર, શ્વાસ, આંખ-કાન વગેરે સહિતની આરોગ્યલક્ષી તપાસ પણ કરવામાં આવી હતી. આ નેશનલ ફાર્મસી વીકની ઉજવણી ડિસેમ્બર માસ સુધી ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો છે.

## રાજયપાલશ્રી ઓ.પી. કોહલી દ્વારા ગુજરાત માહિતી આયોગના કોમ્પેન્ડીયમનું વિમોચન કરાયુ

ગાંધીનગર, તા.૩૦

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીએ આજે રાજભવન ખાતે ગુજરાત રાજય માહિતી આયોગ દ્વારા તૈયાર કરાયલ કોમ્પેન્ડીયમનું વિમોચન કર્યું હતું.

આ પ્રસંગે રાજય માહિતી આયોગના મુખ્ય માહિતી કમિશનરશ્રી વી.એસ. ગઢવીએ કોમ્પેન્ડીયમ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે કોમપેન્ડીયમાં રાજય સરકાર/ભારત સરકાર દ્વારા માહિતી અધિકાર અધિનિયમ અને નિયમોના સંદર્ભે જે ઠરાવો, પરિપત્રો, જાહેરનામા અને પક્ષોની ટૂંકમાં સમજ આપતી યાદી પણ તેમાં સામેલ કરવામાં આવી છે. વર્ષ ૨૦૦૫-૦૬થી વર્ષ ૨૦૧૬-૧૭ સુધીમાં આયોગને મળેલ અને નિકાલ કરેલ અપીલ/ફરિયાદની વિગતો પણ તેમાં આવરી લેવામાં આવી છે. આયોગના વહીવટી માળખાની વિગતો, આયોગની કામગીરીનું કોમ્પ્યુટાઈઝેશન વગેરેની વિગતોનું તેમજ આયોગ દ્વારા સરકારશ્રીને કરવામાં આવેલ ભલામણો તથા સૂચનોનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. તાજેતરમાં આયોગ દ્વારા મોબાઈલ એપની શરુ કરાવેલ સુવિધાની જાણકારી પણ આ કોમ્પેન્ડીયમમાં આપવામાં આવી છે, એમ તેમણે જણાવ્યું હતું.

આ પ્રસંગે રાજય માહિતી કમિશનર સર્વ શ્રી એચ.વી. પટેલ, આર.આર. વરસાણી, ડી.પી. ઠાકર તથા રાજય સરકારના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


# આજે વિશ્વ એઈડસ દિને નિસર્ગ સાયન્સ વિદ્યાર્થીઓને જાગૃત કરશે

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વર્ષ દરમિયાન વિવિધ વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેમાં વિવિધ દિવસોની ઉજવણીનો પણ સમાવેશ થાય છે. એઈડસ એ એકવીસમી સદીનો ભયાનક રોગ છે. વિજ્ઞાન અને ટેકનોલોજીનો માનવજાતને સહયોગ હોવા છતાં પણ એઈડસના રોગને સંપૂર્ણ નાબુદ કરી શકાય તેવી દવાઓ હજુ સુધી શોધાઈ શકી નથી. આ સંજોગોમાં નાગરિકો એઈડસ અંગેની જાણકારી મેળવે તથા એઈડસથી બચવાના ઉપાયો વિચારે તે હેતુથી સમગ્ર વિશ્વમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા ૧લી ડિસેમ્બર વિશ્વ એઈડસ દિન તરીકે ઉજવાય છે. વર્ષ ૨૦૧૫ સુધીમાં ૩.૫ કરોડ પિડિતો એઈડસની બિમારીના કારણે મૃત્યુ પામ્યા છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા દર વર્ષે જુદી જુદી થીમ આધારિત આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. સમગ્ર વિશ્વમાં આ થીમ આધારિત જનજાગૃતિના કાર્યક્રમોનું આયોજન થશે.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા પણ દર વર્ષે આ દિવસની ઉજવણી વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો કરીને કરવામાં આવે છે. આ વર્ષે આ દિવસની ઉજવણી નિમિત્તે વાવોલના આદર્શ નિવાસી કુમાર છાત્રાલય ખાતે વિદ્યાર્થીઓ માટે પોપ્યુલર પિકચર, એઈડસ વિષયક પ્રદર્શન અને ડોકયુમેન્ટ્રી ફિલ્મ અને પ્રશ્નોત્તરી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. અનિલભાઈ પટેલ ઉપસ્થિત રહેશે.

કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા એઈડસ થવાના કારણો, બચવા માટેના ઉપાયો અને એઈડસના રોગ અંગેની સંપૂર્ણ વિગતો રજુ કરાશે. વિદ્યાર્થીઓ માટે એઈડસ અંગે જાગૃતિ આવે તે હેતુથી પોસ્ટર પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત એઈડસ અંગેની ડોકયુમેન્ટ્રી ફિલ્મ પણ બતાડવામાં આવશે. કાર્યક્રમના અંતે પ્રશ્નોત્તરીનું પણ આયોજન કરવામાં આવ્યું છે.



શનિવારે મુસ્લિમ બિરાદરો ભાઈચારાનો તહેવાર ઈદ-એ-મિલાદ ઉજવશે. આ તહેવાર નિમિતે ગાંધીનગર પાસેના ચાંદખેડાના પેપર આર્ટિસ્ટ મુકેશ પંડયા દ્વારા જુદા જુદા ૧૭૦ ઈદના ચાંદની પ્રતિકૃતિઓ તૈયાર કરવામાં આવી છે. આ પ્રતિકૃતિઓમાં ખાસ બાબત એ છે કે દરેક ચાંદની સાઈઝ ૩ એમએમ જેટલી છે અને આ તમામ કટીંગ આર્ટિસ્ટ દ્વારા હાથથી કરવામાં આવ્યું છે. અગાઉ પણ પેપર આર્ટિસ્ટ મુકેશ પંડયાએ વિવિધ ભારતીય તહેવારોને તેમની કળામાં ઢાળવા પ્રયાસ કર્યો છે.

## રાંધેજા ખાતે સર્વરોગ શિબિરનું આયોજન

રાંધેજા, તા.૩૦

રાંધેજામાં આવેલ કુદરતી ઉપચાર કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ ખાતે તા. ૨-૧૨-૨૦૧૭થી તા.૪-૧૨-૨૦૧૭ દરમિયાન નિવાસી સર્વરોગ શિબિરનું આયોજન કરવામાં આવેલ છે હઠીલા રોગો જેમ કે કબજીયાત, હાઈ/લો બીપી, ઓબેસીટી, ડાયાબીટીસ, દમ, આર્થરાઈટીસ (વા) તથા ત્વચા સંબંધિ રોગોની કુદરતી સારવાર તથા સાચી સમજ લોકો સુધી પહોંચાડવાના હેતુથી આ શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. આ ત્રણ દિવસની શિબિરમાં ભાગ લેવા ઈચ્છતા લોકોએ રાંધેજા ખાતે સંપર્ક કરી નામ નોંધાવી લેવું, રજીસ્ટ્રેશન માટે મો.નં. ૦૭૯-૨૩૯૭૬૭૧૮, ૮૪૦૧૧૧૩૧૨૪, ૮૧૨૮૦૭૧૯૨૧ પર તથા સ્થળ સ્વ. જે.જે.બજાજ, કુદરતી ઉપચાર કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, મુ. રાંધેજા, તા.જી. ગાંધીનગર ખાતે સંપર્ક કરવા જણાવાયું છે.

# કલોલના જરૂરિયાતમંદોને વિશ્વકર્મા ક્રાંતિ સંગઠનની હૂંફ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે તાજેતરમાં વિશ્વકર્મા ક્રાંતિ સંગઠન દ્વારા શિયાળાની ઠંડીમાં ઝુંપડપટ્ટીમાં રહેતા જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવી પરિવારોને હૂંફ મળી રહે તે હેતુસર ગરમ કપડાં વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત કલોલ શહેરના ૨૦૦ જેટલા જરૂરિયાતમંદોને ગરમ કપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સહાય કાર્યક્રમ અંતર્ગત આયોજિત ગરમ કપડાં વિતરણ




કાર્યક્રમમાં વિશ્વકર્મ ક્રાંતિ સંગઠનના રાષ્ટ્રીય અધ્યક્ષ ધ્રુવ પંચાલ તથા કલોલ શહેર પ્રમુખ ચિરાગ પંચાલ અને તેમની ટીમ જોડાઈ હતી. કલોલ શહેરના રેલવે સ્ટેશન પાછળના વિસ્તારની ઝુંપડપટ્ટીમાં આ સહાય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શિયાળાની કડકડતી ઠંડીમાં અનેક જરૂરિયાતમંદ નાગરિકો પૂરતા ગરમ કપડાંના અભાવે મુશ્કેલીનો ભોગ બને છે અને બિમાર પડે છે. આ સંજોગોમાં વિશ્વકર્મા ક્રાંતિ સંગઠન દ્વારા આયોજિત આ સદકાર્ય ગાંધીનગર ઉપરાંત અન્ય જિલ્લામાં પણ યોજાશે તેવી સંગઠનના હોદ્દેદારોએ માહિતી આપી હતી.

# જાલમોર પહોંચી ગયેલ વૃદ્ધાનું ૧૮૧ અભયમે પરિવાર સાથે મિલન કરાવ્યુ

ચિલોડા, તા.૩૦

ગાંધીનગર તાલુકાના પોર ગામેથી ચાર માસ અગાઉ એક ૭૫ વર્ષીય વૃદ્ધ મહિલા ભુલી પડી હતી. આ વૃદ્ધ મહિલા કાંકરેજ તાલુકાના જાલમોર ગામેથી મળી આવેલ ત્યારે ૧૮૧ અભયમ હેલ્પલાઈન દ્વારા કાઉન્સેલીંગ કરી પરીવાર સાથે મેળાપ કરાવવામાં મદદ કરી હતી. કાંકરેજના જાલમોર ગામે આ ભુલી પડેલ વૃદ્ધા ઉપર ગામના સરપંચની નજર પડતા ૧૮૧ અભયમને જાણ કરતા ટીમ ઘટના સ્થળે પહોંચી મહિલાનું કાઉન્સેલીંગ કરી પરિવાર સાથે મિલન કરાવતા પરિવારે હાશકારો અનુભવ્યો હતો.

ગાંધીનગર તાલુકાના પોર ગામે રહેતા ૭૫ વર્ષીય શકીબેન ઠાકોર ચાર માસથી ઘરેથી ગુમ થઈ ગયા હતા જયારે વૃદ્ધા કાંકરેજ તાલુકાના જાલમોર ગામે પહોંચી ગયા હતા ત્યારે ગામના સરપંચની નજર વૃદ્ધા ઉપર પડી હતી ત્યારે સરપંચે ૧૮૧ અભયમને જાણ કરતાં ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા. મહિલાની પુછપરછ કરતા તેના ઘરે તપાસ કરાવતા વાત સાચી જણાતાં વૃદ્ધાને બનાસકાંઠા, મહેસાણા અને ગાંધીનગરની ત્રણેય ૧૮૧ની અભયમની ટીમની મદદથી પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. પંડયા પદમાબેન અમૃતલાલ, ઉ.વ. ૯૨
- સ્વ. બાલાજી ડાહ્યાજી મકવાણા, ઉ.વ. ૬૭
- સ્વ. સુથાર મુળચંદભાઈ ગણપતરામ, ઉ.વ. ૬૪
- સ્વ. પટેલ સુશીલાબેન માધવલાલ, ઉ.વ. ૭૮